પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮ | ૨૯ માર્ચ, ૨૦૨૧, સોમવાર; ફાગણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ગુજરાત સહિત દેશના ૧૨ રાજ્યોની સ્થિતિ ગંભીર

**૪૬ જિલ્લામાં રોજેરોજ કોરોના બોમ્બ ફૂટી રહ્યા છે : રાજ્યોમાં કોરોના ટેસ્ટની સંખ્યા વધારવા, ગાઈડલાઈનનું કડકાઈથી પાલન સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું**

નવી દિલ્હી, તા. ૨૮

કેન્દ્ર સરકારે શનિવારે એ ૧૨ રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશો માટે એડવાઈઝરી બહાર પાડી છે જે હેઠળ આ રાજ્યોમાં કોરોના ટેસ્ટ (ઝ્રહિટ્ઠ્ર્જિં) ની સંખ્યા ઝડપથી વધારવા અને કોવિડ ગાઈડલાઈન્સનું કડકાઈથી પાલન સુનિશ્ચિત કરવા માટે જણાવવામાં આવ્યું છે. આ એડવાઈઝરી એ રાજ્યો માટે બહાર પાડવામાં આવી છે જ્યાં કોરોના વાયરસ સંક્રમણના કેસમાં વધારો જોવા મળ્યો છે.

મંત્રાલયે કહ્યું કે એક સંક્રમિત વ્યક્તિ પ્રતિબંધો લાગુ ન હોય તો ૩૦ દિવસની અંદર સરેરાશ ૪૦૬ લોકોને સંક્રમિત કરી શકે છે. સરકારે કહ્યું કે મે ૨૦૨૦બાદ કોવિડ ૧૯ સંક્રમણ અને તેનાથી થનારા મૃત્યુના સાપ્તાહિક કેસોમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે.

સરકારે કહ્યું કે વધુમાં વધુ ધ્યાન એ ૪૬ જિલ્લા પર છે જ્યાંથી આ મહિને સંક્રમણના કુલ કેસના ૭૧ ટકા અને તેનાથી થનારા મોતના ૬૯ ટકા કેસ આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે મહારાષ્ટ્રના કુલ ૩૬ જિલ્લામાંથી ૨૬ સૌથી વધુ પ્રભાવિત છે અને અહીંથી દેશમાં છેલ્લા એક અઠવાડિયામાં આવેલા કેસમાંથી ૫૯.૮ ટકા કેસ મળ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણની અધ્યક્ષતામાં ૧૨ રાજ્યોના એડિશનલ મુખ્ય સચિવ, પ્રમુખ સચિવ અને સચિવ (સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ) અને કોરોના પ્રભાવિત સૌથી વધુ કેસ અને મૃત્યુ સંબંધિત ૪૬ જિલ્લાના નિગમ આયુક્તો અને જિલ્લાધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક થઈ.

આ ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મહારાષ્ટ્ર, ગુજરાત, હરિયાણા, તામિલનાડુ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, દિલ્હી, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, પંજાબ અને બિહાર છે.

બેઠકમાં આ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પ્રભાવિત જિલ્લાનું વિશ્લેષણ અને કેટલાક મહત્વના સાંખ્યકીય આંકડા રજુ કરાયા. જે મુજબ કોવિડ-૧૯થી થનારા મોતમાં લગભગ ૯૦ ટકા કેસ ૪૫ વર્ષ કે તેથી વધુ ઉમરના લોકો માટે છે. રિસર્ચના પરિણામોમાં જણાવાયું છે કે ૯૦ ટકા લોકોને આ બીમારી વિશે જાણકારી છે પરંતુ માસ્ક ખરેખર તો ૪૪ ટકા લોકો જ પહેરે છે. મંત્રાલયે કહ્યું કે એક સંક્રમિત વ્યક્તિ રોકટોક ન હોય તો ૩૦ દિવસમાં ૪૦૬ લોકોને સંક્રમિત કરી શકે છે.

એ પણ જોવા મળ્યું છે કે બીજી લહેરની પરિકલ્પના હકીકતમાં કોવિડ ૧૯ અનુકૂળ આચરણ અને જમીન સ્તર પર વિષાણુની રોકધામ તથા મેનેજમેન્ટ રણનીતિને લઈને લોકોની બેદરકારીથી વધુ જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર



પાલજનું હોળી પર્વ - સમગ્ર રાજ્યમાં પાલજની હોળીના દર્શનનો મહિમા ખૂબ જ છે... જીલ્લા ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી વ્યાપક પ્રમાણમાં ભાવિકો પાલજની હોળીના દર્શને મોડીરાત સુધી ઉમટે છે... આ વર્ષે કોરોનાના કાળમાં થોડીક સંખ્યામાં ઘટાડો છે... પરંતુ નિતીનિયમોમાં ભારે ઉણપ દેખાઈ રહી છે... જોકે ચૂંટણીઓની સભાઓ ને પર્વો-પ્રસંગો સમયે કોરોના ભૂલાઈ જાય છે... અને ત્યાર બાદ એની જે અસર આવે છે એની ચર્ચા અને ચિંતા ખૂબ થાય છે... પાણી પહેલા પાળ બાંધવાની આપણી તૈયારી નથી એમ તો ન જ કહેવાય... પરંતુ વાસ્તવિક રીતે એવું જ થાય છે...

## દેશમાં સતત બીજા દિવસે પણ ૬૨ હજારથી વધુ કેસ

**મહારાષ્ટ્રમાં ૧૫ એપ્રિલ સુધી રાત્રિ કર્ફ્યુ, લગ્નોમાં ૫૦ લોકો અને અંતિમ સંસ્કારમાં ૨૦ લોકોને મંજૂરી : મધ્યપ્રદેશના ૧૨ શહેરોમાં સન્ડે લોકડાઉન**

ન્યુ દિલ્હી,તા.૨૮

દેશમાં કોરોનાની બીજી લહેર ચિંતાનું કારણ બની રહી છે. દરરોજ આવતા કેસોની સંખ્યા હવે ૬૦ હજારને પાર પહોંચી ગઈ છે. ગત દિવસે દેશમાં ૬૨,૬૩૨ નવા કેસ નોંધાયા હતા. આ છેલ્લા ૧૬૪ દિવસમાં સૌથી વધુ છે. આ અગાઉ ગયા વર્ષે ૧૫ ઓક્ટોબરે ૬૩,૪૪૧ કેસ નોંધાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૨૮,૭૨૮ લોકો સાજા થયા અને આ વર્ષે પ્રથમ વખત ૩૧૧ લોકો મૃત્યુ પામ્યા.

જ્યારે, કોરોનાના વધતા જતા કેસો વચ્ચે મધ્યપ્રદેશના ૧૨ શહેરોમાં રવિવારે લોકડાઉન છે. જેમાં ભોપાલ, ઈન્દોર, જબલપુર ઉપરાંત બેતુલ, છિંદવાડા, રતલામ અને ખારગોન સામેલ છે. જ્યારે, વિદિશા, ઉજ્જૈન, છીંદવાડા જિલ્લાના સોસર, નરસિંહપુર સાથે ગ્વાલિયરમાં પણ લોકડાઉન છે. શનિવારે રાત્રે ૧૦ વાગ્યાથી સોમવારે સવારે ૬ વાગ્યા સુધી ૩૨ કલાકનું લોકડાઉન રહેશે.

દેશમાં અત્યાર સુધીમાં ૧.૧૯ કરોડ લોકો આ મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી લગભગ ૧.૧૩ કરોડ લોકો સાજા થઈ ચૂક્યા છે. ૧,૬૧ લાખ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. હાલમાં ૪.૮૩ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

કોરોના કેસનો આંકડો ૬૨ હજારે પહોંચી ગયો છે. મહારાષ્ટ્ર, પંજાબ, છત્તીસગઢ, કર્ણાટક, ગુજરાત અને મધ્ય પ્રદેશમાં કોરોના સંક્રમણમાં ભારે વધારો થઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર સમાચાર

**અંક બંધ**

ધૂળેટીના પર્વ નિમિત્તે તા. ૨૯/૩/૨૦૨૧ને સોમવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૩૦/૩/૨૦૨૧ને મંગળવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી છે.

- વ્યવસ્થાપક

### કાશ્મીરમાં બે આતંકવાદીઓ ઠાર એક જવાન શહિદ

જમ્મુ,તા.૨૮

શોપિયાંમાં મોડી રાત્રે એક ભીષણ એક્રાઉન્ટરમાં સુરક્ષાદળો દ્વારા બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન એક જવાન શહીદ અને બે અન્ય ગંભીર ઘાયલ થયા હતા. જેમને એરલિફ્ટ કરી શ્રીનગર ખાતેની આર્મી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ છે. સુરક્ષા દળોએ એક્રાઉન્ટર સ્થળને ઘેરી લીધું હતું.

## કોરોનાની સામે દવાની સાથે સફાઈ પણ જરૂરી છે : મોદી

નવી દિલ્હી, તા. ૨૮

વડાપ્રધાન મોદી થોડીવારમાં પોતાના લોકપ્રિય



રેડિયો કાર્યક્રમ મન કી બાતના માધ્યમથી દેશવાસીઓને સંબોધિત કર્યા. પીએમ મોદીએ મન કી બાતના ૭૫મા સંસ્કરણની શુભેચ્છાઓ પાઠવી. તેઓએ કહ્યું કે, આ કાલની વાત લાગે છે જ્યારે અમે આ કાર્યક્રમની શરૂઆત કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે, અમૃત મહોત્સવની પણ શરૂઆત થઈ ચૂકી છે.

પીએમ મોદીએ કહ્યું કે, ગયા વર્ષે આ મહિને દેશે પહેલીવાર જનતા કર્ફ્યૂનું નામ સાંભળ્યું હતું. આ દરમિયાન લોકોએ કોરોના વોરિયર્સ માટે દેશ એકજૂથ થઈ ગયો હતો. આજે ભારત દુનિયામાં સૌથી મોટો કોરોના વેક્સીન કાર્યક્રમ ચલાવી રહ્યો છે.

મન કી બાત કાર્યક્રમમાં પીએમ મોદીએ કહ્યું કે, મેં પર્યટનના વિવિધ પાસાઓ પર

**મોદીએ મન કી બાત કાર્યક્રમમાં અનેક મુદ્દે વાત કરી : કાર્યક્રમ ૧૮ ક્ષેત્રીય ભાષાઓ અને ૩૩ બોલીઓમાં પ્રસારિત કરાય છે**

અનેકવાર વાત કરી છે, પરંતુ આજે અમે લાઈટ હાઉસની વાત કરી રહ્યા છીએ. તે પર્યટનાના હિસાબથી ઘણું અલગ હોય છે. આ લાઈટ હાઉસ ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં ઝીંઝુવાડા નામના એક સ્થળ પર છે. આ લાઈટ હાઉસ એટલા માટે ખાસ છે કારણ કે ત્યાંથી હવે સમુદ્ર ૧૦૦ કિલોમીટર દૂર થઈ ગયો છે. આપને ગામમાં આવા પથ્થર મળી જશે જે એ જણાવતા હશે કે અહીં ક્યારેક બંદર હશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ગુજરાતના બનાસકાંઠામાં વર્ષ ૨૦૧૬માં એક આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં મેં લોકોને કહ્યું કે અહીં અનેક સંભાવનાઓ છે, બનાસકાંઠા જિલ્લા અને આપણા ખેડૂતો મિઠાશની ક્રાંતિના નવા અધ્યાયની શરૂઆત કેમ ન કરી કરે? આપને જાણીને ખુશી થશે કે ખૂબ જ ઓછા સમયમાં બનાસકાંઠા મધ ઉત્પાદનનું પ્રમુખ કેર્ન્દ્ર બની ગયું છે. આજે બનાસકાંઠાના ખેડૂતો મધથી લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે.

## કાનપુર હૃદયરોગ સંસ્થાનના આઈસીયુમાં ભીષણ આગ

**કાનપુરની એલપીએસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી હોસ્પિટલમાં આગ, હજુ પણ અનેક દર્દીઓ ફસાયેલા છે**

કાનપુર, તા. ૨૮

કાનપુરની એક હોસ્પિટલ આગની ઝપેટમાં આવી ગઈ છે. મળતી માહિતી મુજબ કાનપુરની



એલપીએસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજીના આઈસીયુમાં આગ લાગી છે. આજે સવારે અચાનક આગ ફાટી નીકળી. અફડાતફડીમાં દર્દીઓને બહાર કાઢવામાં આવી રહ્યા છે. જો કે હજુ પણ અનેક દર્દીઓ હોસ્પિટલમાં ફસાયેલા છે. ફાયરની અનેક ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી છે.

સૂત્રોનું માનીએ તો હજુ પણ હોસ્પિટલમાં ૫૦થી ૧૦૦ જેટલા દર્દીઓ અને અન્ય લોકો ફસાયેલા છે. આગની સૂચના મળતા ફાયરની બે ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ કોઈ જાનહાનિના અહેવાલ નથી. આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી પરંતુ પ્રથમ દ્રષ્ટિએ આ મામલો શોર્ટસર્કિટનો લાગી રહ્યો છે. ફર્સ્ટ ફ્લોર પર આવેલા આઈસીયુમાંથી હજુ પણ ધૂમાડા નીકળી રહ્યા છે. દર્દીઓની બહાર રોડ પર સારવાર ચાલુ છે.

આ બાજુ પોલીસના જણાવ્યાં મુજબ આઈસીયુમાંથી તમામ દર્દીઓને હેમખેમ કાઢી લેવાયા છે. બાકીના દર્દીઓને તથા અન્ય લોકોને રેસ્ક્યૂ કરાઈ રહ્યા છે. કમિશનરે જણાવ્યું કે સવારે ૭.૫૫ વાગે આગ લાગવાની સૂચના મળી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા. ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લીધો છે. કોઈ જાનહાનિના અહેવાલ નથી. તેમણે એમ પણ કહ્યું કે જો કોઈ પણ પ્રકારની બેદરકારી સામે આવી તો તેના પર કડક કાર્યવાહી કરાશે. કાનપુરના સ્વરૂપનગર હદ વિસ્તારમાં કાર્ડિયોલોજી મોટી સરકારી હોસ્પિટલ છે.

## શિવસેનાએ પણ અનિલ દેશમુખ પર સવાલ ઉઠાવ્યા

મુંબઈ, તા. ૨૮

પૂર્વ મુંબઈ પોલીસ કમિશનર પરમબીર સિંહે ગૃહમંત્રી અનિલ દેશમુખ પર લગાવેલા આરોપો બાદ મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે. હવે શિવસેનાએ પણ અનિલ દેશમુખ પર સવાલ ઉઠાવ્યા છે. શિવસેનાના મુખપત્ર સામનામાં સવાલ કરાયો છે કે સસ્પેન્ડેડ અધિકારી સચિન વાઝેને આટલા અમર્યાદિત અધિકાર કોણે આપ્યાં?

સામનાની પોતાની સાપ્તાહિક કોલમ 'રોખઠોક'માં શિવસેના નેતા સંજય રાઉતે સવાલ કરતા લખ્યું છે કે આખરે એક છૅ લેવલના અધિકારી સચિન વાઝેને આટલા અમર્યાદિત અધિકાર કોણે આપ્યા? આ તપાસનો વિષય છે.

રાઉતે લખ્યું કે પોલીસ કમિશનર, ગૃહમંત્રી, મંત્રીમંડળના પ્રમુખ લોકોના દુલારા અને વિશ્વાસપાત્ર રહેલો વાઝે માત્ર એક સહાયક પોલીસ નિરિક્ષક હતો. તેને મુંબઈ પોલીસના અમર્યાદિત અધિકાર કોના આદેશ પર અપાયા તે તપાસનો વિષય છે.

મુંબઈ પોલીસ આયુક્તાલયમાં બેસીને વાઝે વસૂલી કરી રહ્યો હતો અને ગૃહમંત્રી અનિલ દેશમુખને આ અંગે જાણકારી નહીં હોય? સામનામાં લખ્યું છે કે દેશમુખને ગૃહમંત્રીનું પદ અકસ્માતે મળી ગયું.

REQUIRED
Equity Dealers (3 Post)
Salary + Incentive
F-113/114, Opp. CNG Pump., Sector-11, Gandhinagar.
CV send to 9974703401 OR
Mail : bestboi123@gmail.com

## બંગાળમાં ભાજપ ૨૦૦થી વધુ બેઠક જીતી સરકાર બનાવશે : અમિત શાહ

**અમારી બેઠકો પણ વધી રહી છે અને જીતનું અંતર વધી રહ્યું છે, અસામમાં ૪૭માંથી ૩૭થી વધુ બેઠકો મળશે**

નવી દિલ્હી, તા. ૨૮

ગૃહ મંત્રી અમિત શાહે બંગાળ વિધાનસભા ચૂંટણીના



પ્રથમ તબક્કામાં ૩૦માંથી ૨૬ સીટો અને અસમમાં ૪૭માંથી ૩૭થી વધુ સીટો જીતવાનો દાવો કર્યો છે. તેમણે તે પણ દાવો કર્યો છે કે બંગાળમાં ભાજપ ૨૦૦થી વધુ સીટો સાથે સરકાર બનાવશે. અસમમાં અમે પૂર્ણ બહુમતની સાથે સરકાર બનાવીશું. તેમણે આ વાત મીડિયાને સંબોધિત કરતા કહી છે. મહત્વનું છે કે શનિવારે ૨૭ માર્ચે બન્ને રાજ્યોમાં પ્રથમ તબક્કાની ચૂંટણી યોજાઈ હતી. હું અમારા માટે મતદાન કરનાર બન્ને રાજ્યોના લોકોનો આભાર માનુ છું. વોટર ટર્નઆઉટથી લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો. પશ્ચિમ બંગાળમાં ૮૪ ટકાથી વધુ મતદાન અને અસમમાં ૭૯ ટકાથી વધુ મતદાન જણાવે છે કે જનતામાં ભારે ઉત્સાહ છે.

મીડિયાને સંબોધિત કરતા શાહે આગળ કહ્યુ કે, પ્રથમ તબક્કામાં બંગાળમાં ૩૦માંથી ૨૬થી વધુ સીટો ભાજપ જીતી રહ્યું છે. પાર્ટી ૨૦૦થી વધુ સીટો જીતી સરકાર બનાવશે. અમારી સીટો પણ વધી રહી છે અને જીતનું અંતર વધી રહ્યું છે. અસમમાં ૪૭માંથી ૩૭થી વધુ સીટો મળશે. તેના સ્પષ્ટ સંકેત મળી રહ્યાં છે. તેમણે કહ્યું કે, દર વખતની જેમ ગુંડા આ ચૂંટણીને પણ પ્રભાવિત કરશે.

### ટીએમસી નેતા મહતોની ધરપકડ

કોલકાતા, તા. ૨૮

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ તૃણમૂલ કોંગ્રેસના નેતા છત્રધર મહતોની રવિવારે ઝાડગ્રામથી ધરપકડ કરી લીધી. છત્રધર મહતોની વર્ષ ૨૦૦૯ના સીપીઆઈ નેતા પ્રબીર મહતોની હત્યાના મામલે ધરપકડ કરવામાં આવી છે. તેમને આજે કોર્ટમાં રજુ કરાશે. એનઆઈએએ ૧૬, ૧૮, અને ૨૨ માર્ચના રોજ ટીએમસી નેતા છત્રધર મહતોને એજન્સી સામે રજુ થવા માટે સમન મોકલ્યું હતું. પરંતુ છત્રધર મહતોએ જણાવ્યું હતું કે તેમને દાંતમાં દુ:ખાવો છે એટલે તેઓ એજન્સી સામે હાજર થઈ શકશે નહીં. તેમણે દાંતમાં દુ:ખાવાનો મેડિકલ રિપોર્ટ પણ બતાવ્યો હતો પરંતુ એનઆઈએ તેનાથી સંતુષ્ટ નહતી.

